ટીપીઓ સાગઠિયાની ઓફિસ કે સોનાની લંકા?

ટીપીઓ સાગઠિયાની ઓફિસમાંથી 15 કરોડનું સોનું અને રોકડા 3 કરોડ મળ્યા

એસીબીએ સીલ કરેલી ઓફિસ ખોલીને લોકરની તપાસ કરતાં આંખ ફાટી જાય તેટલું સોનું મળ્યું

ગાંધીનગર : એસીબીની ટીમે રાજકોટમાં 150 ફૂટ રિંગ રોડ પર ટ્વીન સ્ટાર ટાવરમાં સાગઠિયાની ખાનગી ઓફિસમાં આજે તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમ્યાન એસીબીની ટીમને 15 કરોડનું સોનું મળી આવ્યુ છે. જેમાં સોનાના દાગીના તથા સોનાના બિસ્કીટનો સમાવેશ થાય છે. રૂા. 2 લાખની ચાંદીના દાગીના તથા અઢી કિલો ચાંદી પણ મળી આવી છે. 8.50 લાખની ડાયમંડ જવેલરી, રોકડ 3.05 કરોડ, જુદા જુદા દેશોની ચલણી નોટો સહિત 1.82 લાખની વિદેશી ચલણી નોટો, અંદાજે 1.03 લાખની સોનાના પટ્ટાવાળી ઘડિયાળ તેમજ કિંમતી ઘડિયાળો નંગ 6 મળી આવી છે.

એસીબીની ટીમે અગાઉ 19-06-2024ના રોજ સાગઠિયા સામે બેનામી પ્રોપર્ટી વસાવવનો ગુનો દાખલ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે ગત તા.25મી મેના રોજ રાજકોટમાં ટીઆરપી ગેમ ઝોન આગકાંડમાં 27 લોકોનું મૃત્યુ થયુ હતું. જેમાં રાજકોટ મનપાના ટાઉન પ્લાનિંગ વિભાગની નિષ્ફળતા બહાર આવી હતી.

સાગઠિયાની બેનામી મિલકતોની યાદી

જય બાબારી પેટ્રોલ પંપ	સોખડા, રાજકોટ
ઈન્ડસ્ટ્રિયલ ગોડાઉન	સોખડા, રાજકોટ
જય બાબારી પેટ્રોલ પંપ	ગોમટા- ગોંડલ
હોટેલ	ગોમટા, ગોંડલ
ફાર્મ હાઉસ	ગોમટા, ગોંડલ
ખેતીની જમીન	ગોમટા, ગોંડલ
ખેતીની જમીન	ચોરડી, ગોંડલ
ઊર્જા ઈન્ડ. ગેસ ગોડાઉન	શાપર - કોટડા સાંગાણી
બાલાજી ગ્રીન પાર્કમાં પ્લોટ	મોવૈયા- પડધરી
અનામિકા સોસાયટીમાં બંગલો	રાજકોટ સિટી - યુનિ. રોડ
આસ્થા સોસાયટીમાં ટેનામેન્ટ	માધાપર - રાજકોટ
સી 1701 - એસ્ટર ફ્લેટ	અદાણી શાંતિ ગ્રામ ટાઉનશીપ
	બી -7, 802 લા મરીના અદાણી શાંતિ ગ્રામ ટાઉનશીપ
વાહનો ફૂલ	6
વિદેશ પ્રવાસ	દુબઇ, યુરોપ, સાઉથ આફ્રિકા, ઓસ્ટ્રેલિય, યુ.કે., મલેશિયા, માલદિવ, શ્રીલંકા

આગાઉ સાગઠિયાની 10.55 કરોડની બેનામી મિલકતો શોધી કઢાઇ હતી

રાજકોટ મનપાના સસપેન્ડ કરાયેલા ટાઉન પ્લાનિંગ અધિકારી મનસુખ સાગઠિયાની કરોડોની પ્રોપર્ટીના મીડિયા રિપોર્ટસ બાદ એસીબીએ 10.55 કરોડની સાગઠિયાની બેનામી મિલકતો શોધી કાઢી છે. એસીબીએ જાહેર કરેલી વિગતો મુજબ, કરોડપતિ થવા માટે સાગઠિયાએ પોતાના હોદ્દાનો દુરૂપયોગ કરીને મેળવેલા નાણાંમાંથી પોતાના સગા વહાલાઓના નામે પ્રોપર્ટી વસાવી લીધી છે. 1-04-2012થી 31-05-2024 દરમિયાન સાગઠિયાની નિયમસરની આવક 2.57 કરોડ થવા જાય છે, જ્યારે તેની સામે સાગઠિયાએ 13.23 કરોડની પ્રોપર્ટી વસાવી લીધી છે. એટલે કે, સાગઠિયાએ 10.55 કરોડની બેનીમી અને વધારાની પ્રોપર્ટી વસાવી લીધી છે.

હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચે વિવાદગ્રસ્ત ભોજશાળા મૂળભૂત રીતે જૈનોની પાઠશાળા હતી?

ધારમાં ભોજશાળા વિવાદમાં હવે જૈન સમુદાય પણ દાખલ થયો છે. જણાવવામાં આવી રહ્યું છે કે ભોજશાળામાં ખોદકામ દરમિયાન ૩૯ ખંડિત મૂર્તિઓ મળી આવી છે, જેમાંથી બે જૈન ધર્મની છે. હવે જૈન સંઘ દાવો કરે છે કે અહીં અમારું મંદિર હતું. એક જૈન સંસ્થાએ મધ્ય પ્રદેશ હાઈકોર્ટની ઈન્દોર બેંચમાં અરજી દાખલ કરીને દાવો કર્યો હતો કે ખોદકામ દરમિયાન તીર્થંકરો અને જૈન સમુદાયનાં દેવીદેવતાઓની મૂર્તિઓ મળી આવી છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે એક સમયે અહીં જૈન ગુરુકુળ પણ હતું. અરજીમાં કહેવામાં આવ્યું છે કે ભોજશાળામાં સરસ્વતી દેવીનું મંદિર હતું કે જૈન સમાજનાં દેવીદેવતાઓનું મંદિર હતું તેની તપાસ થવી જોઈએ.

ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણમાં જૈન સમાજના બે પ્રતિનિધિઓને સામેલ કરવાની માંગ પણ અરજીમાં કરવામાં આવી છે. હાઈ કોર્ટમાં અરજી સ્વીકારવામાં આવી છે. આ મામલે ૪ જુલાઈએ સુનાવણી થઈ શકે છે. અત્યાર સુધી ભોજશાળામાં માત્ર બે પક્ષો હિન્દુ અને મુસ્લિમ છે. જૈન સમુદાય પણ આ કેસમાં પક્ષકાર તરીકે એન્ટ્રી ઈચ્છે છે. જૈન સમાજનાં લોકો પણ ઇચ્છે છે કે ખોદકામ દરમિયાન મળેલી મૂર્તિઓ યોગ્ય જગ્યાએ સ્થાપિત થાય. નોંધનીય છે કે સુપ્રીમ કોર્ટના નિર્દેશ પર ભારતીય પુરાતત્ત્વ ભોજશાળામાં સર્વેક્ષણ કરી રહ્યું છે.

ટુ ધ પોઈન્ટ

સમકિત શાહ

મધ્ય પ્રદેશના ધાર જિલ્લામાં આવેલી ભોજરાજાની ધારા નગરીમાં આજે પણ પ્રાચીન અવશેષો મળી આવે છે, જે આ ક્ષેત્રની પ્રાચીન ભવ્યતાની સાક્ષી પૂરે છે. આ અવશેષો વચ્ચે ભોજશાળા તરીકે ઓળખાતી ભવ્ય ઇમારતનાં ખંડેરો કંઇક નોખી ભાત ઊભી કરે છે. ભોજશાળા શબ્દ મધ્યકાલીન માલવાના પરમાર વંશના રાજા ભોજ પરથી ઊતરી આવ્યો છે. હાલમાં આ સ્થળ ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણના રક્ષણ હેઠળનું સંરક્ષિત સ્મારક છે, પરંતુ છેલ્લી સદીમાં તે હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચેનું વિવાદિત સ્થળ બની ગયું છે. રાજા ભોજે લગભગ ઇ.સ.૧૦૦૦ અને ૧૦૫૫ ની વચ્ચે મધ્ય ભારત પર શાસન કર્યું હતું. તેઓ કળાના આશ્રયદાતા હતા. તેમણે જે જૈન પરંપરાના સરસ્વતી કંઠાભરણ મંદિરનું નિર્માણ કરાવ્યું હતું તે ભોજશાળા તરીકે વિખ્યાત થયું હતું. મુસ્લિમોના શાસન કાળમાં ભોજશાળાના સ્થળે મસ્જિદ બંધાઈ ગઈ હતી, જે કમાલ મૌલા મસ્જિદ તરીકે ઓળખાતી હતી. ભોજશાળાના શિલાલેખોનો વિદ્વત્તાપૂર્ણ અભ્યાસ ૧૯મી સદીના અંતમાં ચાલુ થયો, જ્યારે મુંબઈના જાણીતા પુરાતત્ત્વવિદ્ ભાઉ દાજીએ ૧૮૭૧માં તેમના સહાયકોને અહીં મોકલ્યા. શ્રી કે.કે. લેલે અને કેપ્ટન લુઆર્ડે કમાલ મૌલા મસ્જિદને ભોજશાળા તરીકે ઓળખ્યા પછી ઇતિહાસકાર ઓ.સી. ગાંગુલી અને કે.એન. દીક્ષિતે બ્રિટિશ મ્યુઝિયમમાં રાખવામાં આવેલી પ્રતિમા વિશે એક લેખ પ્રકાશિત કર્યો અને તેને રાજા ભોજની સરસ્વતી હોવાનું જાહેર કર્યું. આ મૂર્તિ પર એક શિલાલેખ છે જેમાં વાગ્દેવી સાથે રાજા ભોજાનો ઉલ્લેખ છે, જે સરસ્વતીનું બીજું નામ છે. પાછળથી સંસ્કૃત અને પ્રાકૃત ભાષાઓના વિદ્વાન હરિવલ્લભ ભાયાણી દ્વારા આ શિલાલેખના અભ્યાસે સ્પષ્ટ કર્યું કે આ શિલાલેખ ત્રણ જૈન તીર્થંકરો અને વાગ્દેવી તથા અંબિકાની મૂર્તિના નિર્માણની નોંધ કરે છે. આ શિલાલેખમાં વાગ્દેવીનો ઉલ્લેખ હોવા છતાં તેનો મુખ્ય હેતુ અંબિકાની મૂર્તિના નિર્માણની નોંધ કરવાનો છે. તેમાં શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોની મુખ્ય બે શાખાઓ ચંદ્રનાગરી અને વિદ્યાધારીનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ કારણે જ જૈનો દ્વારા મધ્ય પ્રદેશ હાઈ કોર્ટની ઈન્દોર બેન્ચમાં ભોજશાળા માટે દાવો કરવામાં આવ્યો છે.

બ્રિટિશ મ્યુઝિયમની પ્રતિમાની ઓળખ જૈન ધર્મની શાસન દેવી અંબિકા તરીકે કરવામાં આવી છે. અન્યત્ર મળી આવેલી અંબિકાની મૂર્તિઓની પ્રતિમાનાં લક્ષણો દ્વારા તેની પુષ્ટિ થાય છે. મધ્ય પ્રદેશના સિહોર શહેરમાં ૧૧મી સદીની અંબિકાની જૈન મૂર્તિ જોવા મળે છે તે ખાસ કરીને નજીકનું તુલનાત્મક ઉદાહરણ છે. ધારની મૂર્તિની જેમ સિહોરની મૂર્તિમાં અંબિકા દેવીનાં ચરણોમાં સિંહ પર સવારી કરતો યુવક અને એક બાજુ દાઢીવાળી આકૃતિ દર્શાવે છે. બ્રિટિશ મ્યુઝિયમમાં પ્રતિમા પરનો શિલાલેખ સૂચવે છે કે ધાર ખાતેની વાગ્દેવી સરસ્વતીના જૈન સ્વરૂપને સમર્પિત હતી. જો કે, શિલાલેખમાં ઉલ્લેખિત વાગ્દેવી હજુ સુધી મળી નથી. જેમણે ૧૪મી સદીની શરૂઆતમાં પ્રબંધચિંતામણી નામનો ઇતિહાસ ગ્રંથ લખ્યો હતો તેવા જૈનાચાર્ય મેરુતુંગસૂરિજી લખે છે કે સરસ્વતી મંદિરમાં ભોજની સ્તુતિ ઉપરાંત પ્રથમ જૈન તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનને સમર્પિત ભક્તામર સ્તોત્ર કોતરવામાં આવ્યું હતું. ભોજશાળા ભારતના પુરાતત્ત્વ કાયદા હેઠળ રાષ્ટ્રીય મહત્ત્વનું સંરક્ષિત સ્મારક છે અને તે ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણના કબજા હેઠળના વિસ્તારની અંદર છે.

હિન્દુઓ અને મુસ્લિમો બંને આ સ્થાન પર દાવો કરે છે અને તેમની પ્રાર્થના માટે તેનો ઉપયોગ કરે છે. ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણની માર્ગદર્શિકા અનુસાર મુસ્લિમો શુક્રવાર અને ઇસ્લામિક તહેવારો પર નમાજ પઢી શકે છે તો હિન્દુઓ મંગળવારે અને વસંત પંચમી પર પ્રાર્થના કરી શકે છે. આ સ્થળ અન્ય દિવસોમાં બધાં પ્રવાસીઓ માટે ખુલ્લું રહે છે.

રાજા ભોજે ઇ.સ. ૧૦૩૪માં ધારા નગરીમાં એક પાઠશાળાની સ્થાપના કરી હતી, જે પાછળથી ભોજશાળા તરીકે જાણીતી થઈ હતી. રાજા ભોજ માતા સરસ્વતીના મહાન ઉપાસક હતા. આ જ કારણે તેમણે અહીં માતા સરસ્વતીની પ્રતિમા સ્થાપિત કરી હતી. ભોજશાળાને માતા સરસ્વતીનું પ્રાગટ્ય સ્થાન પણ માનવામાં આવે છે. ભોજશાળા મંદિરમાંથી મળેલા ઘણા શિલાલેખો ૧૧મી થી ૧૩મી સદીના છે. કેટલાક શિલાલેખોમાં સંસ્કૃતમાં નાટકીય રચનાઓ અંકિત કરવામાં આવી છે. માતા સરસ્વતીનું મંદિર હોવાની સાથે ભોજશાળા ભારતની સૌથી મોટી યુનિવર્સિટીઓમાંની એક હતી. આ સ્થાન વિશ્વનું પ્રથમ સંસ્કૃત અભ્યાસ કેન્દ્ર પણ હતું. અધ્યાત્મ, રાજનીતિ, આયુર્વેદ, વ્યાકરણ, જ્યોતિષ, કલા, નાટક, સંગીત, યોગ, તત્ત્વજ્ઞાન વગેરે વિષયોનું જ્ઞાન મેળવવા માટે ભારત અને વિદેશના હજારો વિદ્વાનો આ યુનિવર્સિટીમાં આવતા હતા.

બ્રિટિશ મ્યુઝિયમમાં રહેલી અંબિકા દેવીની પ્રતિમા પરનો શિલાલેખ સૂચવે છે કે ધાર ખાતેની વાગ્દેવી સરસ્વતીના જૈન સ્વરૂપને સમર્પિત હતી. ઐતિહાસિક તથ્યો અનુસાર ૧૩૦૫માં મુસ્લિમ આક્રમણખોર અલાઉદ્દીન ખિલજીએ ભોજશાળા પર હુમલો કરીને તેનો નાશ કર્યો હતો. અલાઉદ્દીન ખિલજીના હુમલા વખતે ભોજશાળાનાં શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ઈસ્લામિક સેનાનો વિરોધ કર્યો ત્યારે ખિલજીએ ૧,૨૦૦ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને કેદ કર્યા હતા અને તેમને ઇસ્લામ સ્વીકારવાનું કહ્યું હતું; પરંતુ તે બધાએ ઇસ્લામ સ્વીકારવાનો ઇનકાર કર્યો તે પછી તેમની હત્યા કરીને તેમના મૃતદેહોને ભોજશાળાના જ હવન કુંડમાં ફેંકી દેવામાં આવ્યા હતા. બાદમાં ૧૪૦૧માં દિલાવર ખાને ભોજશાળાના એક ભાગમાં એક મસ્જિદ બનાવી હતી. છેવટે ૧૫૪૧ માં મહેમૂદ શાહ ખિલજીએ બાકીના ભાગમાં એક મસ્જિદ બનાવી હતી. અહીં વિવાદ વધતો ગયો ત્યારે બ્રિટિશ શાસન દરમિયાન ભોજશાળાને રક્ષિત ઇમારત જાહેર કરવામાં આવી હતી.

હિન્દુ સંસ્થા ફ્રન્ટ ફોર જસ્ટિસે ૧ મે ૨૦૨૨ના રોજ ઈન્દોર હાઈ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. તેમાં કહેવામાં આવ્યું હતું કે ભોજશાળાનો સંપૂર્ણ કબજો હિન્દુઓને સોંપવામાં આવે. તેના કહેવા પ્રમાણે દર મંગળવારે હિંદુઓ ભોજશાળામાં યજ્ઞ કરી તેને શુદ્ધ કરે છે અને શુક્રવારે મુસ્લિમો નમાજના નામે યજ્ઞકુંડને અશુદ્ધ કરે છે તે બંધ થવું જોઈએ. આ સાથે ભોજશાળાની ફોટોગ્રાફી, વિડીયોગ્રાફી અને ખોદકામની માગણી પણ અરજીમાં કરવામાં આવી હતી. હવે જૈન સંઘે પણ ભોજશાળા પર પોતાનો દાવો કરતાં હાઈ કોર્ટ માટે જટિલ પરિસ્થિતિ પેદા થઈ છે.

બ્રિટિશ મ્યુઝિયમની પ્રતિમાની ઓળખ જૈન ધર્મની શાસન દેવી અંબિકા તરીકે કરવામાં આવી છે. અન્યત્ર મળી આવેલી અંબિકાની મૂર્તિઓની પ્રતિમાનાં લક્ષણો દ્વારા તેની પુષ્ટિ થાય છે

ટપાલ સેવા અને પેન્શનને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે 16 જુલાઈના રોજ અદાલતનું આયોજન

અમદાવાદ : ટપાલ સેવા તથા પેન્શનને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે અમદાવાદના ખાનપુર ખાતે આવેલી મુખ્ય પોસ્ટ માસ્ટર જનરલ, ગુજરાત સર્કલની કચેરીએ તારીખ 16.07.2024ને મંગળવારના રોજ 11 વાગે ડાક અદાલત અને 12 વાગે પેન્શન અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. આ અદાલતમાં નીતિ વિષયક મુદ્દા સિવાયની ટપાલસેવાઓ અને પોસ્ટલ પેન્શનને લગતા મુદ્દાઓ સબંધિત ફરિયાદો સાંભળી નિકાલ કરવામાં આવશે. અદાલતમાં રજૂ કરવાની ટપાલ સેવા સબંધિત ફરિયાદ આસિસ્ટન્ટ ડાયરેક્ટર, પોસ્ટલ સર્વિસીઝ (કમ્પ્લેઇન ઓફિસર), અને પેન્શનને લગતી ફરિયાદો આસિસ્ટન્ટ ડાયરેક્ટર પોસ્ટલ સર્વિસીઝ, પેન્શન સેક્સન, મુખ્ય પોસ્ટ માસ્ટર જનરલની કચેરી, ગુજરાત સર્કલ, ખાનપુર અમદાવાદને મોડામાં મોડી તારીખ- 11.07.2024ને ગુરુવાર સુધીમાં મળી જાય તે રીતે મોકલવાની રહેશે.

લોકસભામાં રાહુલ ગાંધીના હિન્દુ અંગેના નિવેદન બાદ ગુજરાતમાં રાજકીય માહોલ ગરમાયો

અમદાવાદમાં કોંગ્રેસ અને ભાજપના કાર્યકરો વચ્ચે ઘર્ષણ, કોંગ્રેસ કાર્યાલય પર પથ્થરમારો

કાચની બોટલો પણ ફેંકાઈ, પથ્થરમારામાં એક પોલીસકર્મીને ઈજા, ભાજપ અને કોંગ્રેસના કાર્યકરોની અટકાયત

અમદાવાદઃ લોકસભામાં વિરોધ પક્ષના નેતા અને કોંગ્રેસના સિનિયર આગેવાન રાહુલ ગાંધીએ હિંદુઓ અંગે કરેલા નિવેદન બાદ ગુજરાતમાં રાજકીય માહોલ ગરમાયો છે. આ નિવેદનના વિરોધમાં મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો અમદાવાદના પાલડી સ્થિત આવેલી કોંગ્રેસ કાર્યાલય ખાતે પહોંચ્યા હતા. જ્યાં ભાજપ -કોગ્રેસ કાર્યકરો વચ્ચે સામ સામે પથ્થરમારો થયો હતો. આ તબક્કે ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો સામસામે આવી આવી જતા ઘર્ષણ થયું હતું. પથ્થરમારાની સાથે કાચની બોટલો પણ ફેકાઈ હતી. ઘટનાની જાણ થતા જ ઉચ્ચ પોલીસ અધિકારીનો કાફલો દોડી આવ્યો હતો અને પરિસ્થિતિ વધુ વણસે તે પહેલા જ કાર્યકરોને ટીંગાટોળી કરીને અટકાયત કર્યા હતા. લોકસભામાં રાહુલ ગાંધીના હિન્દુ અંગેના નિવેદન બાદ ભાજપમાં ભારે રોષની લાગણી ફેલાઈ હતી. આજે મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો વિરોધ પ્રદર્શન કરવા કોંગ્રેસ કાર્યાલયની બહાર પહોંચી ગયા હતા. બીજી તરફ સામે કોંગ્રેસના કાર્યકરો પણ કાર્યાલયમાં હાજર હતા. પોલીસની હાજરીમાં વિરોધ પ્રદર્શન કરી રહેલા ભાજપ કાર્યકરોએ અને કોંગ્રેસ કાર્યકરોએ સામસામે પથ્થરમારો કર્યો હતો. પોલીસની હાજરીમાં પથ્થરમારાની સાથે કાચની બોટલો પણ ફેંકવામાં આવી હતી. આ પથ્થરમારામાં એક પોલીસકર્મીને ઈજા થઈ હતી.

પ્રદેશ કોંગ્રેસ કાર્યાલયની બહાર ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો સામ સામે આવી જઈ ઘર્ષણ થતા પોલીસ એક્શનમાં આવી હતી. પોલીસે બંને પાર્ટીના કાર્યકરોની બળજબરીપૂર્વક ટીંગાટોળી કરી અટકાયત કરી હતી. આ ઉપરાંત આજે વહેલી સવારે હિન્દુ સંગઠન દ્વારા પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય ઉપર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. તેમજ કાર્યાલયની બહાર લગાવવામાં આવેલા રાહુલ ગાંધીના પોસ્ટર ઉપર કાળી સહી લગાવવાનો પ્રયાસ કરાયો હતો. ભાજપ સમર્પિત સંગઠનો દ્વારા કરવામાં આવેલા આ કૃત્યનો કોગ્રેસ સખ્ત શબ્દોમાં વખોડી પ્રદેશ કોગ્રેસ કાર્યાલય પર હુમલો કરનાર તત્વોની ધરપકડ કરી કડક કાર્યવાહી કરવા માગણી કરી છે.

BUSINESS મિત્ર

શેરબજારમાં તમામ ઇન્ડેક્સ ઓલટાઇમ હાઇ બનાવીને પરત ફર્યા

બેન્ક-ફાઇનાન્સિયલ શેરોની આગેવાની નિફ્ટી-સેન્સેક્સ નજીવા ઘટયા

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 2: ભારતીય શેરબજારમાં વૈશ્વિક સારા સંકેતોની પાછળ તેજી સાથે ખુલ્યા હતા અને ફરી એકવાર સેન્સેક્સ-નિફ્ટીએ ઓલટાઇમ હાઈ બનાવ્યા હતા, પરંતુ ઉપલા સ્તરેથી આઉટફલો જોવા મળ્યો હતો, જેના લીધે શેરબજાર નજીવા ઘટાડા સાથે સપાટ બંધ રહ્યા હતા. જોકે, આજે બેન્ક અને ફાઇનાન્સીયલ શેરોમાં દબાણ જોવા મળ્યું હતું. બ્રોડર માર્કેટમાં પણ મિડકેપ અને સ્મોલકેપ ઇન્ડેક્સ ઓલટાઇમ હાઇ બનાવ્યા બાદ તેમાં પણ ઉપલા સ્તરેથી વેચવાલીનું દબાણ જોવાયું હતું.

ભારતીય શેરબજારમાં આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ, નિફ્ટી, મિડકેપ ઇન્ડેક્સ તથા સ્મોલકેપ ઇન્ડેક્સ ઓલટાઇમ હાઇ બનાવ્યા હતા. જેમાં સેન્સેક્સ 79855.87 પોઇન્ટ, નિફ્ટી 24236.35 પોઇન્ટ, મિડકેપ ઇન્ડેક્સ 46869.53 પોઇન્ટ અને સ્મોલકેપ ઇન્ડેક્સ 53297.26 પોઇન્ટના શિખર બનાવ્યા હતા.

આજે કારોબારના દિવસ દરમ્યાન આઇટી, મીડિયા અને રિયલ્ટી શેરોમાં આગેકૂચ જોવા મળી હતી, જ્યારે બેન્કીગ અને એફએમસીજી શેરોમાં વેચવાલીનું દબાણ રહ્યું હતું.

સેન્સેક્સ 35 પોઇન્ટ અને નિફ્ટી 18 પોઇન્ટ ઘટ્યા

ભારતીય શેરબજારમાં સેન્સેક્સ 34.74 પોઇન્ટ એટલે કે 0.04 ટકા ઘટીને 79441.45 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 79886 પોઇન્ટ સુધી ઉછળ્યા હતા, જ્યારે નીચામાં 79231 પોઇન્ટ સુધી ઘટયા હતા. નિફ્ટીમાં 18.10 પોઇન્ટ એટલે કે 0.07 ટકા ઘટીને 24123.85 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 24236 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24056 પોઇન્ટ સુધી ઘટી હતી. આમ, ઇન્ટ્રાડેમાં નિફ્ટીએ 24200ની સપાટી કુદાવી હતી. બેન્ક નિફ્ટી 402.65 પોઇન્ટ એટલે કે 0.77 ટકા ઘટીને 52168.10 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે કેમપ્લાસ્ટ સન્મારમાં 28.41 ગણા, એંજલ વનમાં 11.5 ગણા, સોલાર ઇન્ડ. માં 6.92 ગણા, અદાણી એનર્જી સોલ્યુશન્સમાં 4.34 ગણા અને પંતજલી ફુડસમાં 2.96 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે એંજલ વનમાં 12.86 ગણા, ઇપીએલ લિ.માં 8.62 ગણા, જે કે પેપરમાં 8.4 ગણા, સોલાર ઇન્ડ.માં 6 ગણા અને ચાલેટ હોટલ્સમાં 5.6 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં ગઇકાલે શાનદાર રીકવરી આવ્યા બાદ આજે વેચવાલીનું દબાણ રહ્યું હતું. જેના લીધે બ્રોડર માર્કેટમાં નરમાઇ રહી હતી. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.57 ટકા ઘટયો હતો. જ્યારે બીએસઇ સ્મોલકેપ ઇન્ડેક્સ 0.07 ટકા સુધર્યો હતો. જોકે, માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહી હતી. બીએસઇ ખાતે 2047 શેરો વધ્યા હતા, જ્યારે 1871 શેરો ઘટયા હતા અને 90 શેરો યથાવત રહ્યા હતા.

પીએસયુ બેન્ક શેરોમાં ભારે વેચવાલીએ ઘટયા હતા. આજે નિફ્ટી પીએસયુ બેન્ક ઇન્ડેક્સ 1.81 ટકા ઘટયા હતા. જે છેલ્લા બે સેસનમાં 2.55 ટકા ઘટી ગયા છે. જેમાં બેન્ક ઓફ બરોડા, બેન્ક ઓફ ઇન્ડિયા, કેનેરા બેન્ક, સ્ટેટ બેન્ક, પીએનબી, યુકો બેન્ક, બેન્ક ઓફ મહારાષ્ટ્ર, ઇન્ડિયન બેન્ક, પંજાબ એન્ડ સીંધ બેન્ક અને સેન્ટ્રલ બેન્ક ઘટયા હતા.

એલાઇડ બ્લેન્ડર્સના આઇપીઓનું આજે લિસ્ટીંગ થયું હતું. જે 13.2 ટકાના પ્રીમિયમ સાથે રૂ. 318.10ના ભાવે લિસ્ટીંગ થયું હતું. કંપનીએ રૂ. 281ના ભાવે ઓફર કર્યો હત, જે 23.55 ગણો છલકાયો હતો.

એનએસઇ એસએમઇ પેટ્રો કાર્બન એન્ડ કેમિકલ્સના આઇપીઓનું આજે 75.44 ટકા પ્રીમિયમ સાથે રૂ. 300ના ભાવે લિસ્ટીંગ થયું હતું. કંપનીએ રૂ. 171ના ભાવે ઓફર કર્યો હતો. કંપનીનો આઇપીઓ 60.32 ગણો છલકાયો હતો.

એશિયન બજારો મિશ્ર રહ્યા, યુરોપિયન બજારોમાં નરમાઇ

યુરોપિયન બજારોમાં ફુગાવાના ડેટા પુર્વે વેચવાલીનું દબાણ રહ્યું હતું અને નરમ ચાલ જોવા મળી હતી. જ્યારે એશિયન બજારોમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. એપલ અને ટેસ્લા જેવા મેગાકેપ ગ્રોથ શેરોએ ટેક હેવી નાસ્ડેકને નવા કવાર્ટરની મજબૂત શરૂઆત તરફ આગળ ધપાવી હતી. રોકાણકારો સપ્તાહના અંતમાં યુએસ લેબર માર્કેટના મુખ્ય ડેટાની રાહ જોઇ રહ્યા છે, ફેડરલ રિઝર્વની વ્યાજ દર યોજનાઓની આંતરદ્રષ્ટિની આશા છે. જેની પાછળ સુધર્યુ હતું.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.45 ટકા, કેક 0.82 ટકા અને ડેક્સ 1.35 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 1.11 ટકા, સ્ટ્રેઇટસ 0.87 ટકા, હેંગસેંગ 0.28 ટકા અને શાંઘાઇ 0.08 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે તાઇવાન 0.78 ટકા, કોસ્પી 0.84 ટકા, જકાર્તા 0.20 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

રૂપિયો ફરી એકવાર ઐતિહાસિક તળિયા તરફ

અમદાવાદ, તા. 2: કરન્સી બજારમાં આજે રૂપિયામાં વધુ નરમાઇ ચાલુ રહેતા ઐતિહાસિક તળિયા તરફ આગેકૂચ કરતો જોવા મળ્યો હતો. ડોલરની સામે રૂપિયામાં આજે વધુ પાંચ પૈસા ઘટીને 83.50ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેસનમાં ડોલરની સામે રૂપિયો 83.45ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 89.64, પાઉન્ડ 105.82, કેનેડિયન ડોલર 60.87, ઓસ્ટ્રેલિયન ડોલર 55.58, જાપાનીઝ યેન 0.5170 અને સીંગાપોર ડોલર 61.50ના સ્તરે બંધ રહ્યા હતા.

સેન્સેક્સ	-34.74	79441.45
નિફ્ટી	-18.10	24123.85
બેન્ક નિફ્ટી	-406.65	52168.10

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
લાર્સન-ટુબ્રો	2.83	3626.50
વિપ્રો	2.06	538.20
ઇન્ફોસીસ	1.90	1621.05
એચડીએફસી બેન્ક	1.49	1730.60
ટીસીએસ	0.99	4017.40

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
શ્રીરામ ફાઇનાન્સ	3.40	2824.90
ભારતી એરટેલ	2.41	1418.95
કોટક મહિન્દ્રા બેન્ક	2.13	1769.60
તાતા મોટર્સ	2.07	981.30
ઇન્ડસઇન્ડ બેન્ક	1.88	1429.45

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
લાર્સન-ટુબ્રો	2.74	3624.25
વિપ્રો	2.06	538.10
ઇન્ફોસીસ	1.97	1621.00
એચડીએફસી બેન્ક	1.51	1730.55
ટીસીએસ	0.80	4005.05

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ભારતી એરટેલ	2.38	1418.55
કોટક મહિન્દ્રા બેન્ક	2.16	1769.60
તાતા મોટર્સ	2.07	980.95
ઇન્ડસઇન્ડ બેન્ક	1.89	1429.60
એસબીઆઇ	1.87	826.35

શેરબજારમાં ઝંઝાવાતી તેજી વચ્ચે પ્રમોટર્સ હિસ્સો વેચે છે, તે રોકાણકારો માટે ખતરારૂપ!

2024ના પહેલા 6 મહિનામાં શેર બજારની ટોપ-500 કંપનીઓના પ્રમોટરોએ 84 હજાર કરોડ રૂપિયાથી વધુના શેર વેચ્યા

નવી દિલ્હી, તા. 2: ભારતીય શેરબજારમાં જબરદસ્ત તેજીનો સમયગાળો છે. રોકાણકારોની સાથે સાથે કંપનીઓના પ્રમોટર્સ પણ આનો ફાયદો ઉઠાવી રહ્યા છે. ઘણા પ્રમોટરોએ તેમનો કેટલોક હિસ્સો વેચી દીધો છે. આના ઘણા કારણો છે, પરંતુ મુખ્યત્વે પ્રમોટર્સ તેમની કંપનીના ઊંચા વેલ્યુએશનનો લાભ લેવા માટે હિસ્સો વેચવાનો નિર્ણય લઈ રહ્યા છે.

સત્તાવાર આંકડા મુજબ વર્ષ 2024ના પહેલા 6 મહિનામાં શેર બજારની ટોપ-500 કંપનીઓના પ્રમોટરોએ 84 હજાર કરોડ રૂપિયાથી વધુના શેર વેચ્યા છે. આ આંકડો છેલ્લા પાંચ વર્ષની તુલનામાં સૌથી વધુ છે. ગયા વર્ષે એટલે કે 2023માં પ્રમોટરે કુલ 99,600 કરોડ રૂપિયાના શેર વેચ્યા હતા. પરંતુ, આ વર્ષના પ્રથમ છમાસિક ગાળામાં પ્રમોટરોએ 80,000 કરોડ રૂપિયાથી વધુના શેર વેચ્યા છે.

આ ડેટા સ્પષ્ટપણે દર્શાવે છે કે આ વર્ષે પ્રમોટર સ્ટોક વેચવાનો આંકડો 2023 કરતા વધારે હશે. આવી સ્થિતિમાં પ્રમોટર કંપનીઓ શા માટે સતત શેર વેચી રહી છે તે સવાલ ઉભો થાય છે.

આ સમયે શેરબજારમાં તેજી જોવા મળી રહી છે. આવી સ્થિતિમાં, ઘણી કંપનીઓનું વેલ્યુએશન એકદમ ઊંચું થઈ ગયું છે.

આવી સ્થિતિમાં પ્રમોટર્સ કરેક્શન પહેલા એટલે કે કિંમતોમાં ઘટાડા પહેલા હિસ્સો વેચીને તેનો લાભ લેવા માંગે છે. વળી, તેમની કંપનીમાં કેટલાક પ્રમોટર્સનો હિસ્સો સેબીએ નક્કી કરેલા ધારાધોરણો કરતાં વધુ છે.

તેઓ પણ પોતાનો હિસ્સો ઘટાડીને આ બુલ રનનો ફાયદો ઉઠાવી રહ્યા છે. ઘણા પ્રમોટર્સ તેમની કંપનીનું દેવું ચૂકવવા અથવા વિસ્તૃત કરવા માટે શેર વેચી રહ્યા છે. પ્રમોટર્સ જે શેર વેચી રહ્યા છે તેમાંથી મોટાભાગના સ્થાનિક રોકાણકારો દ્વારા ખરીદવામાં આવી રહ્યા છે.

મીડિયા રિપોર્ટ અનુસાર વોડાફોન પીએલસીના ઈન્ડસ ટાવર્સે 15300 કરોડ રૂપિયાના શેર વેચ્યા છે. ઈન્ટરગ્લોબ પ્રમોટર્સે પણ 10200 કરોડ રૂપિયાના શેર વેચ્યા છે. ટાટા ગ્રુપની કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસે પણ 9300 કરોડ રૂપિયાના શેર વેચ્યા છે.

આ વર્ષની શરૂઆતથી જ પ્રમોટર્સ પોતાની કંપનીઓમાં હિસ્સો ઘટાડી રહ્યા છે. આ પછી પ્રમોટરની શેરહોલ્ડિંગમાં પણ ઘટાડો થયો છે. ડિસેમ્બર 2022 ક્વાર્ટરના અંતે બીએસઈ-200 ઈન્ડેક્સમાં પ્રમોટર શેરહોલ્ડિંગનો હિસ્સો 42.1 ટકા રહ્યો હતો, જે આ વર્ષે માર્ચ ક્વાર્ટરમાં ઘટીને 38.8 ટકા થવાની સંભાવના છે. જૂન ક્વાર્ટરમાં પ્રમોટર શેરધારકોનો હિસ્સો વધુ ઘટી શકે છે.

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૭૩૯૫૦
તેજાબી સોનું	૭૩૮૬૦
દાગીના-૨૨ કેરેટ	૭૦૨૫૦
દાગીના-બીએસઆઈ હોલમાર્ક	૭૨૪૭૦
સોનાનાં બિસ્કીટ	૭૩૯૫૦૦
ચાંદી (૯૯૯)	૯૦૭૭૦
ચાંદી સિક્કા	૯૨૨૭૦

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૨૬૮૦	કોપરેલ	૨૯૫૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૪૮૦	વનસ્પતિ ઘી	૧૮૭૦
સીંગતેલ (૫ લી)	૮૭૦	સનફ્લાવર	૧૬૯૦
કપાસીયા (૧૫ કિ.)	૧૮૯૦	તલતેલ	૬૨૦૦
કપાસીયા (૧૫ લિ.)	૧૭૬૦	દિવેલ	૨૧૯૦
કપાસીયા (૫ લિ.)	૬૬૦	મકાઇ તેલ	૧૮૫૦
સરસીયું તેલ	૨૩૦૦		

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-30 (ભરવાલાયક)	૪૨૦૦
એમ-30	૪૧૫૦
એસ-30	૪૦૫૦
ગુજરાત	
એમ-30	૪૦૫૦
એસ-30	૪૯૫૦

ટેરિફ વધારવા છતાં વોડાફોન આઈડિયામાં ઘટાડો જોવાયો

વોડાફોન આઇડિયાએ ટેરિફ વધારતા વધુ સુવિધાજનક જિયો-એરટેલ તરફ ગ્રાહકો ખસી જવાની ભીતિ

મુંબઇ, તા. 2: તાજેતરમાં ટેલિકોમ સેક્ટરની ત્રણ મોટી કંપનીઓ રિલાયન્સ જિયો, ભારતી એરટેલ અને વોડાફોન આઇડિયાએ ટેરિફ પ્લાનની કિંમતોમાં વધારો કરવાની જાહેરાત કરી હતી. બે વર્ષમાં પહેલીવાર કંપનીઓએ ટેરિફના ભાવમાં વધારો કર્યો છે. કેર રેટિંગ્સનું માનવું છે કે આનાથી ટેલિકોમ કંપનીઓની સરેરાશ આવક પ્રતિ યુઝર લગભગ 15 ટકા વધી જશે. આવી સ્થિતિમાં, એવી અપેક્ષા રાખવામાં આવી રહી હતી કે ટેરિફના ભાવમાં વધારાની ટેલિકોમ કંપનીઓના શેર પર સકારાત્મક અસર પડશે. પરંતુ, જિયોની પેરેન્ટ કંપની રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝને બાદ કરતાં અન્ય બે કંપનીઓ એટલે કે એરટેલ અને વોડાફોન આઇડિયાના શેરમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. ખાસ કરીને વોડાફોન આઈડિયાના શેરને મોટો ઝટકો લાગ્યો છે. ટેરિફ પ્લાન વધારા પહેલા તેમાં સતત વધારો જોવા મળી રહ્યો હતો, પરંતુ હવે તેમાં ઘટાડો થઈ રહ્યો છે. વોડાફોન આઈડિયાનો આ ઘટાડો પણ આશ્ચર્યજનક છે કારણ કે ઘણા બ્રોકરેજે પણ તેની ટાર્ગેટ કિંમતમાં વધારો કર્યો છે. સિટીએ વોડાફોન આઈડિયાના રેટિંગને ન્યૂટ્રલથી અપગ્રેડ કરીને ખરીદી કરી છે. એટલે કે તેણે રોકાણકારોને વોડાફોન આઈડિયા ખરીદવાની સલાહ આપી છે અને લક્ષ્યાંક કિંમત 15 રૂપિયાથી વધારીને 23 રૂપિયા કરી દીધી છે. તેમનું કહેવું છે કે જો સરકાર એડજસ્ટેડ ગ્રોસ રેવન્યુ (એજીઆર)ના મામલામાં વોડાફોન આઈડિયાને કોઈ રાહત આપે છે તો તે પણ 28 રૂપિયા સુધી જઈ શકે છે.

સેબીના નવા પરિપત્રથી તબાહી, સ્ટોક બ્રોકિંગ કંપનીઓના શેર તૂટ્યા

નવી દિલ્હી, તા. 2: સેબી અને અન્ય માર્કેટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્સ્ટિટ્યૂશન્સના ફી ઓર્ડરની અસર સ્ટોક બ્રોકિંગ કંપનીઓના શેર પર જોવા મળી છે. સેબીએ પોતાના એક પરિપત્રમાં સ્ટોક એક્સચેન્જ સહિતની તમામ માર્કેટ સંસ્થાઓને વોલ્યુમને ધ્યાનમાં લીધા વિના બ્રોકિંગ કંપનીઓ પર એકસમાન ફી વસુલવા જણાવ્યું હતું. આ નિર્ણયથી બ્રોકિંગ કંપનીઓની કમાણીમાં ઘટાડો થવાની આશા છે.

આ જ કારણ છે કે રોકાણકારોએ બ્રોકિંગ કંપનીઓના શેરોમાં ભારે વેચવાલી કરી હતી. મંગળવારે કારોબારના અંતે એન્જલ વનના શેરમાં 8.72 ટકા, જિયોજિત ફાઇનાન્શિયલ સર્વિસિસ 6.83 ટકા, મોતીલાલ ઓસવાલ ફાઇનાન્શિયલ સર્વિસિસનો શેર 4.19 ટકા, એસએમસી ગ્લોબલ સિક્યોરિટીઝ 2.81 ટકા, ડોઉલ્ટ અલ્ગોટેક 2.28 ટકા અને ૫પૈસા કેપિટલનો શેર 0.05 ટકા ઘટયો હતો.

સાજા થયા બાદની આ તસવીર છે. ઈન્ટ્રા-ડે કારોબાર દરમિયાન એન્જલ વનના શેરમાં 10.50 ટકાનો ઘટાડો નોંધાયો હતો. તે જ સમયે, જિયોજિત ફાઇનાન્શિયલ સર્વિસિસ 7.59 ટકા લપસી ગઈ છે. દોલત અલ્ગોટેકને પણ 5.39 ટકાનો ઝટકો લાગ્યો છે. મોતીલાલ ઓસવાલ ફાઇનાન્શિયલ સર્વિસિસ 4.63 ટકા અને ૫પૈસા કેપિટલ 4.51 ટકા ઘટયા હતા. હાલમાં, એમઆઈઆઈ, જેમ કે સ્ટોક એક્સચેંજ અને ક્લિયરિંગ કોર્પોરેશન્સ, બ્રોકર્સ ટ્રાન્ઝેક્શન અને ડિપોઝિટરી ચાર્જ વસૂલવા માટે સ્લેબ માળખાનો ઉપયોગ કરે છે.

યાર્ન બજાર

જીએસટી સાથેના ભાવ ૩૫૧૬૪૪૬
સુરત નરેશ / મુકેશ ઘીવાળા ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન રૂ.		૭૫/૩૬ ''	૧૨૭	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૩૦૨	૫૦/૩૬ ''	૧૩૯	૮૦/૭૨ બ્લેક રોટો	૧૪૨
૩૦/૩૬ એફડી	૩૧૦	૫૦/૪૮ SD/ક્રેપ	૧૭૧	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૪૦
૬૨/૩૬ ક્રિમ્પ	૧૩૫	૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૦	૩૦/૧૪ ક્રિમ્પ	૧૭૫
૬૮/૩૬	૧૩૩	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૩૦
૭૨/૩૬ ક્રિમ્પ	૧૩૨	૧૦૦ ટેક્ષ	૧૨૯	૬૮ ક્રિમ્પ	૧૨૯
૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૬	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૨૭
૮૪/૪૮ ક્રિમ્પ	૧૨૭	૮૦/૭૨ રોટો	૧૩૦.૨૫	૭૫ ક્રિમ્પ	૧૨૬
૩૦/૧૪ ક્રિમ્પ	૧૮૪	૮૦/૭૨ ફોલ્ડર	૧૪૧.૫	૮૦ ક્રિમ્પ	૧૨૩
૮૦/૭૨ રોટો.	૧૨૯	૧૬૦ ડીસ્કેટ	૧૪૧.૫	૮૦/૭૨ રોટો	૧૩૩
૮૦/૩૬ રોટો.	૧૨૮	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૧૮	૮૦/૧૦૮ ''	૧૨૯	૩૦/૩૬ એફડી	---